**1 ફોજદારી કેસ નં. ૨૭૫/૨૦૨૬**

**:: આંક : ૧ નીચે હુકમ ::**

(૧) ફરીયાદી હાર્દિકકુમાર મહેશભાઈ ગરાસીયા રહે. નરસીંગપુર, તા. સંતરામપુર નાઓને સાંભળ્યા, આંક: ૦૩ થી રજુ કરેલ સમાધાન પુરસીસ તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું. આ કામે આજોરજ શનિવારની નેશનલ લોક અદાલતના સમન્સ/નોટીસ/પક્ષકારોને કાઢતા ફરીયાદી/ ભોગ બનનાર અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે. પરંતુ આરોપીઓ હાજર નથી. ફરીયાદી/ ભોગ બનનાર હાલની પુરસીસથી જાહેર કરેલ છે કે તેઓ આરોપીઓ વિરૂધ્ધનો ગુનો કમ્પાઉન્ડ (દરગુજર) કરે છે અને તેમને સદર કેસ આગળ ચલાવવો નથી. સદર સમાધાન પુરસીસ તેઓને વાંચી સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ મંજુર રાખેલ છે.

(૨) ઉપરોકત હકિકતે આ કોર્ટે એ નિર્ણય કરવાનો છે કે, આરોપીઓ હાજર નથી, આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થયા ન હોય અને રજુ થયેલ પુરસીસમાં તેની સહી ન હોય તો પણ કોર્ટ આરોપીઓ વિરૂધ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે કે કેમ? આ કોર્ટ ના ધ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.

(૧) વાય.બી.બૈજુ વિ.સ્ટેટ ઓફ કેરાલા. ૨૦૦૮ કિ.લો.જ.૯૨૮

(૨) યેસુદાસ અને બીજા વિ.સબ ઈન્સ્પેકટર ઓફ પોલીસ,કલ્લાસમેસરી અને બીજા કિ.લો.જ.૧૨૯૦.

<u>સદર ઓથોરીટીમાં નામ. કેરાલા હાઈકોર્ટે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે.</u>

(અ)ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦ માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક પક્ષીય ક્રિયા છે અને તે દિપક્ષીય ક્રિયા નથી.

**એડી.ચીફ જયુડી. મેજી.મુ. તા. સંતરામપુર**

(બ)ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦(૧) તથા ૩૨૦(૨) મુજબ કમ્પોઝીશનના નામે અરજી સદર કલમના કોઠાની કોલમ નં.૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિત માં તેનીસહી થી થઈ શકે.

(ક) કોમ્પોઝીશનની અરજી ફરીયાદી/ ભોગ બનનાર તથા આરોપીની સંયુકત સહી થી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહીં.

(ડ)ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦ મુજબ કોમ્પોઝીશનની જોગવાઈ ધ્યોન લેતા કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહીં.

(ઈ)ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦ હેઠળ ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટે ગુનાનું સંજ્ઞાન લ ે તે પહેલા ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

(૩) આમ ઉપરોકત ઓથોરીટીમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લીધા. સદર સિધ્ધાંત મુજબ બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૯ મુજબ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર માફ) કરવા માટે માફ કરવાની પુરસીસમાં આરોપી/ઓની સહી ફરજીયાત નથી. તેમજ આરોપીઓ આ કોર્ટ સમક્ષ હાજરી ફરજીયાત નથી. તેથી હાલની પુરસીસ સ્વીકારવાને પાત્ર છે. આરોપી સામેનો સમાધાન લાયક ગુનો હોવાનુ બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૯(૧) જોતા જણાય છે ફરીયાદીને ચોરીમાં ગયેલ **મોટર સાયકલ રજી. નં. જી.જે.૨૦.એ.ડી. ૯૬૩૩** ચોરીની ફરીયાદ આપ્યા પછી તપાસ ના કામે મુદ્દામાલ મો.સા. વચગાડાના હુકમથી પરત મળી ગએલ હોવાનું જણાવેલ છે.

આમ, હાલનો કેસના કામે રજુ થએલ સમાધાન પુરસીસ/ વીથ ડ્રો પુરસીસ ગ્ર ાહ્ય રાખી કેસ ફેસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના કોઈ હીતને નુકશાન થતું હોય તેમ જણાતું નથી. ઉપરોકત તમામ પાસા ધ્યાને લઈ હાલની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**એડી.ચીફ જયુડી. મેજી.મુ. તા. સંતરામપુર**

**3  ફોજદારી કેસ નં. ૨૭૫/૨૦૨૬**

**:: હુકમ ::**

- આરોપી પ્રકાશભાઈ મંગળાભાઈ મશશુરજી વાદી રહે. ગરીવાતા,તા. સાગવાડા, જી. ડુંગરપુર રાજસ્થાન , નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ- ૩૨૦(૧)(૮) અન્વયે તેમની સામે નોંધાયેલ બી.એન.એસ. કલમ-૩૦૩(૨) મુજબ ના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપીના બેલ બોન્ડ કેન્સલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- મુદ્દામાલ પાવતી નં. ૨૧૫/૨૫ થી કબજે લીધેલ મુદ્દામાલ મોબાઈલ **મોટર સાયકલ રજી. નં. જી.જે.૨૦.એ.ડી. ૯૬૩૩** અન્વયે અગાઉનો વચગાડાનો હુકમ કાયમ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ શનીવાર ની નેશનલ લોકઅદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧-૦૭-૨૦૨૬ (શમા જાવેદહુસેન મેમણ)

સ્થળ : સંતરામપુર એડીશનલ ચીફ જયુ.મેજી.,

મુ.તા. સંતરામપુર, જી. મહીસાગર.

(કોડ નં.જીજે.૦૧૩૫૩)